# RAMAKRISHNA MISSION VIVEKANANDA MEMORIAL

Opp. Duleep Cricket School, Swami Vivekananda Marg, PORBANDAR - 360 575, India
Ph. : 0286 - 2242231, 2214677, web site : www.rkmvm.com
E-mail : rkmvm_ad1@sancharnet.in - rkmporbandar@gmail.com

પ્રિય મહોદય

આપ જાણો છો તેમ સ્વામી વિવેકાનંદ તેમના ભારતના પરિભ્રમણ દરમ્યાન ઈ.સ.૧૮૯૧ -૧૮૯૨ માં પોરબંદરની મુલાકાતે પધારેલા. તેઓ તે સમયના પોરબંદર સ્ટેટના એડમિનિસ્ટ્રેટરશ્રી શંકર પાંડુરંગ પંડિતના નિવાસ સ્થાન, ભોજેશ્વર બંગલામાં લગભગ ચાર માસ રોકાયેલા હતા. સામાન્ય રીતે પરિભ્રમણ દરમ્યાન બીજે કયાંય એકધારા આટલો સમય રોકાયેલ નહિ. આ બંગલામાં તેમણે શાસ્ત્રોનો અને પાણિનીના વ્યાકરણનો ઊંડો અભ્યાસ કર્યો. અહીંથી જ તેમને શિકાગો વિશ્વ ધર્મ પરિષદમાં જવાની પ્રેરણા મળી, અને અહિંજ તેમણે ફ્રેંચ ભાષાનો અભ્યાસ કર્યો. આમ અનેક રીતે સ્વામી વિવેકાનંદના જીવનમાં પોરબંદરનું મહત્વ રહેલ છે.

૧૨ મી જાન્યુઆરી, ૧૯૯૭ ના રોજ ગુજરાત સરકારે આ ભોજેશ્વર બંગલો સ્વામી વિવેકાનંદની સ્મૃતિમંદિર રચવા માટે રામકૃષ્ણ મિશનને સોંપવામાં આવ્યો અને પોરબંદર ખાતે રામકૃષ્ણ મિશન વિવેકાનંદ મેમોરિયલની સ્થાપના કરવામાં આવી.

રામકૃષ્ણ મઠ – મિશન એક સેવાભાવી સંસ્થા છે, જેના દેશ-વિદેશમાં કુલ ૧૬૫ જેટલા કેન્દ્રો આવેલા છે. આ તમામ કેન્દ્રો દ્વારા દિન-દુ:ખી, પીડિતોની, શિવજ્ઞાનથી જીવસેવાના ભગવાન શ્રી રામકૃષ્ણ દેવે પ્રબોધેલા ઉપદેશોને આધારે સેવા કરવામાં આવે છે.

રામકૃષ્ણ મિશન વિવેકાનંદ મેમોરિયલ, પોરબંદરની પ્રવૃતિઓ નીચે પ્રમાણે છે:-

**૧) આધ્યાત્મિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ:-**

પ્રાર્થના મંદિરમાં દરરોજ સાંજના આરતી, પ્રાર્થના થાય છે. દર રવિવારે આરતી પહેલાં એક કલાક અગાઉ સત્સંગ થાય છે. દર અગિયારસે સાંજે રામનામ સંકિર્તનનું આયોજન થાય છે. આ ઉપરાંત આધ્યાત્મિક શિબિરોનું આયોજન થાય છે. તહેવારો જેવા કે ક્રિસમસ ઈવ, ગુરૂનાનક જયંતિ, બુધ્ધ જયંતિ, રામનવમી, શિવરાત્રી, શ્રી કૃષ્ણ જન્માષ્ટમી, વિજયાદશમી, દિપાવલી વગેરે વિશેષ દિવસો ઉજવવામાં આવે છે.

**૨) શૈક્ષણિક પ્રવૃત્તિઓ:-**

સ્વામી વિવેકાનંદે મનુષ્ય નિર્માણ કરનારા શિક્ષણને જ સાચુ શિક્ષણ ગણાવ્યું છે. આથી વિદ્યાર્થીઓના ચારિત્ર્ય ઘડતર માટે માર્ગદર્શન આપતા સર્વાંગી વિકાસ અંગે યુવા શિબિરોનું આયોજન આશ્રમમાં કરવામાં આવે છે. ઉપરાંત વકતૃત્વ, નિબંધ સ્પર્ધા જેવી સ્પર્ધાઓ દ્વારા યુવાનોનાં મુલ્યોનું સિંચન કરનારી, તેમની સુષુપ્ત શકિતઓને જાગૃત કરનારી અનેક પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવે છે.

**૩) પુસ્તકાલય અને વાંચનાલય:-**

આશ્રમના પ્રાંગણમાં જ પુસ્તકાલય આવેલું છે. પુસ્તકાલયમાં ધર્મ, દર્શન, સંસ્કૃતિ, મનોવિજ્ઞાન, મેનેજમેન્ટ, સ્વવિકાસ, જીવન ચરિત્રો વગેરે વિષયોમાં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને સંસ્કૃત ભાષમાં ૧૮૦૦૦ થી પણ વધારે પુસ્તકો છે. ૫૦ જેટલા વિવિધ સામયિકો આવે છે. આ પુસ્તકાલયનો લાભ અનેક લોકો અને ખાસ કરીને વિદ્યાર્થીઓ લઈ રહયાં છે.

**૪) પુસ્તક વેંચાણ કેન્દ્ર:-**

ઉત્તમ પુસ્તકો લોકોને સહેલાઈથી મળી શકે એ માટે પુસ્તક વેચાણ કેન્દ્ર પણ ચલાવવામાં આવે છે. શ્રી રામકૃષ્ણ વિવેકાનંદ ભાવધારા ઉપરાંત વેદ, ઉપનિષદ, દર્શન, શાસ્ત્રો વગરે પુસ્તકો ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ભાષામાં આ કેન્દ્રમાંથી મળી શકે છે.

**૫) આરોગ્ય સેવા:-**

આશ્રમના પ્રાંગણમાં આવેલા સાર્વજનિક ચિકિત્સાલયમાં દર્દીઓની સારવાર કરવામાં આવે છે. હોમીયોપેથિક, આયુર્વેદિક, આંખના રોગો તથા ફિઝીયોથેરાપી વગેરેની સારવાર અહીં આપવામાં આવે છે. આ ચિકિત્સાલયમાં અપાતી સારવારથી ગંભીર રોગોમાંથી ઘણાં દર્દીઓએ મુકિત મેળવી છે. અનેક ગરીબ

# RAMAKRISHNA MISSION VIVEKANANDA MEMORIAL

Opp. Duleep Cricket School, Swami Vivekananda Marg, PORBANDAR - 360 575, India
Ph. : 0286 - 2242231, 2214677, web site : www.rkmvm.com
E-mail : rkmvm_ad1@sancharnet.in - rkmporbandar@gmail.com

દર્દીઓ માટે ચિકિત્સાલય આર્શિવાદ રૂપ બનેલ છે. આ ઉપરાંત દર મહિને આંખના નિઃશુલ્ક કેમ્પનું આયોજન થાય છે. આ કેમ્પમાં અનેક દર્દીઓની સારવાર તેમજ આંખના ઓપરેશનનો લાભ નિઃશુલ્ક મેળવેલ છે.

**૬) રાહત કાર્યો:-**

રામકૃષ્ણ મિશન કુદરતી આફતો વખતે અનેક રાહત કાર્યો કરે છે. ૧૯૯૮ માં વાવાઝોડાને પરિણામે અસરગ્રસ્ત લોકો માટે સેવા કાર્યો કરેલ. વડાળા(રાણા) ગામમાં વસાહત બાંધી ૨૦ અસરગ્રસ્તોને આવાસ પૂરા પાડેલ. સાલ-૨૦૦૦ માં પડેલ દુષ્કાળમાં નિઃશુલ્ક રસોડા, ગરીબોને અનાજ અને ગાયો માટે ઘાસચારાનું વિતરણ કરેલ.

સાલ - ૨૦૦૧ માં આવેલ ધરતીકંપને પરિણામે પુનઃવસવાટ યોજના હેઠળ બે વસાહતો નિર્માણ કરી ભારવાડા ખાતે ૩૦ અને તુમ્બડા ખાતે ૫૦ પરિવારોને આવાસ પૂરા પાડવામાં આવ્યા. આ ઉપરાંત પોરબંદર જીલ્લાની ૩૭ સરકારી શાળાઓ જેને ધરતીકંપથી નૂકશાન થયેલ તે શાળાઓનું નવુ બાંધકામ કરી આપવામાં આવ્યું.

**૭) વિદ્યાર્થીઓને અભ્યાસ માટે સહાય:-**

ગરીબ પરંતુ હોશિયાર વિદ્યાર્થીઓને નોટબુક, પાઠય પુસ્તકો તેમજ સ્કૂલ/ કોલેજ ફીમાં સહાય આપવામાં આવે છે.

**૮) બાળ સંસ્કાર કેન્દ્ર:-**

દર વર્ષે વેકેશન દરમ્યાન ધો.૪ થી ધો.૭ માં અભ્યાસ કરતાં બાળકોને માટે બાળસંસ્કાર શિબિરનું આયોજન થાય છે જેનો મુખ્ય આશય બાળકોને ભારતિય સંસ્કૃતિ પ્રત્યે જાગૃત કરવા અને તેમનોસર્વાંગી વિકાસ સાધવો, તેમનામાં ભારતીય સંસ્કારના બીજ રોપવા વિગેરે છે.

**૯) સિવણ વર્ગ:-**

આર્થિક રીતે પછાત બહેનોને માટે સિવણ અને એમ્બ્રોયડરી શિખવા માટે એક વર્ગ જૂદા જૂદા સ્થળોએ ચલાવ વામાં આવે છે. આ કામ શિખવાથી બહેનોને આર્થિક રીતે પગભર થવામાં મદદ મળે છે.

આ અને આવી અનેક સદપ્રવૃતિઓથી આશ્રમ પોતાના સેવા કાર્યો કરી રહેલ છે. આ સેવા કાર્યોમાં હંમેશા આપના જેવા ઉદાર સદ્ગૃહસ્થોનો દાન સહાય માટે સિંહફાળો રહયો છે અને ભવિષ્યમાં પણ ઉદાર હાથે સહાય કરવા વિનંતી કરીએ છીએ.

- આશ્રમ નિભાવ સ્થાયી ભંડોળ ... ... ... રૂા.૫૦ લાખ
- મૂલ્યનિષ્ઠ શિક્ષણ વર્ગ માટે સ્થાયી ભંડોળ... રૂા.૨૦ લાખ
- ગ્રામ્ય વિસ્તારના ગરીબ લોકોના વિકાસ માટે...રૂા.૩૦ લાખ
- પુસ્તકાલય-વાંચનાલયના વિકાસ માટે... ... ... રૂા.૧૦ લાખ
- સાધુ નિવાસ ભવન માટે ... ... ... ... ... રૂા.૬૦ લાખ
- વિવેકાનંદ મેમોરિયલ માટે સ્થાયી ભંડોળ રૂા.૫૦ લાખ

આભાર અને શુભેચ્છા સહ,

ભવદીય,
સ્વામી આત્મદિપાનંદ
(સ્વામી આત્મદિપાનંદ)
સચિવ